અપીલ અરજી નં.૯૨ તા.૧૦–૬–૧૦/૧૧

અરજદાર:– શ્રી જશવંતસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળા:– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નર( હે અને હો) અને જાહેર માહિતી અધિકારી (ફુડ વિભાગ)

**ફરીયાદની હકીકત:–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી જશવંતસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૬–૪–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ બાબાસાંઈ બેકર્સ પ્લોટ નં.૮ રોડ નં.૧૦ ઉધના સુરત બી.ઓ.બી. બેંકની બાજુમાં આવેલ સંસ્થા કયા પ્રકારનું કામ કરે છે તેમજ કયા લાયસન્સ ધરાવે છે જેવી તમામ વિગતો આપવી તથા ફુડ વિભાગનું પીએફએ લાયસન્સ ધરાવે છે કે કેમ? જે બાબતે કરેલી કાર્યવાહી ની વિગતો આપવી તથા કાયદેસર બેકરી માટે લાગતા નિયમોની વિગતો આપવી. મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૦–૬–૧૦ ની **SMC/FAP/** નં.૯૨/૨૦૧૦–૧૧

શ્રી જશવંતસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૬–૪–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ બાબાસાંઈ બેકર્સ પલોટ નં.૮ રોડ નં. ૧૦ ઉધના સુરત લી.ઓ.લી. બેંકની બાજુમાં આવેલ સંસ્થા કયા પ્રકારનું કામ કરે છે તેમજ કયા લાયસન્સ ધરાવે છે જેવી તમામ વિગતો આપવી તથા ફુડ વિભાગનું પીએફએ લાયસન્સ ધરાવે છે કે કેમ? જે બાબતે કરેલી કાર્યવાહી ની વિગતો આપવી તથા કાયદેસર બેકરી માટે લાગતા નિયમોની વિગતો આપવી. મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી આપવા બાબતે ફુડ વિભાગ ધ્વારા કોઈ માહિતી ન મળવાથી તથા મુદ્દા નં.૨ ઉધનાઝોન ધ્વારા કોઈ માહિતી ન મળવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૦–૬–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ અંગેનો પત્ર,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૩૬૧ તા.૧૬–૬–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નર( હે અને હો) અને જાહેર માહિતી અધિકારી ફુડ વિભાગને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./ ૩૪૪ તા.૮–૭–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ તથા અરજદારને પાઠવેલ પત્ર નં.સા.ઝોન/ટેક./૩૩૧ તા.૫–૭–૧૦ ના પત્રની નકલ તથા પત્ર નં.સા.ઝોન/૨૬૯ તા.૧૨–૫–૧૦ થી અરજદારને આપેલ માહિતી પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી ફુડ વિભાગ તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદાની તા.૨૬–૪–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી માંગતી અરજી સાઉનઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.૧ બાબાસાંઈ બેકર્સ પ્લોટ નં.૮ રોડ નં.૧૦ ઉધના સુરત બી.ઓ.બી. બેંકની બાજુમાં આવેલ સંસ્થા કયા પ્રકારનું કામ કરે છે તેમજ કયા લાયસન્સ ધરાવે છે જેવી તમામ વિગતો આપવી તથા ફુડ વિભાગનું પીએફએ લાયસન્સ ધરાવે છે કે કેમ? જે બાબતે કરેલી કાર્યવાહી ની વિગતો આપવી તથા કાયદેસર બેકરી માટે લાગતા નિયમોની વિગતો આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/૨૬૯ તા.૧૧–૫–૧૦ થી " બાબા સાઈ બેકર્સ નામની સંસ્થા દફતરી રેકર્ડ જોતાં બ્રેડ બનાવવાનું કામકાજ દર્શાવી ગુમાસ્તાધારાની કાયદાનુસારની નોંધણી થયેલ હતી જે તા.૧૯–૨–૦૮ ના રોજ માલિક ધ્વારા રદ કરવામાં આવેલ છે આશરે બે વર્ષ પહેલા પ્રમાણપત્ર રદ કરવામાં આવેલ હોય કરેલ કાર્યવાહીની વિગતો આપવાનો પ્રશ્ન રહેતો નથી. તથા ફુડ વિભાગને લાગત પ્રશ્નનો જવાબ તેમના ધ્વારા કરવામાં આવશે તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે મુદ્દા નં.૧ અંગે ફુડ વિભાગ ધ્વારા કોઈ માહિતી આપેલ જણાતી નથી. આરટીઆઈ કાયદાની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. મુદ્દા નં.૨ પ્રાઈમ લેન્ડર સિનેમાની બાજુમાં રોડ નં.૩ ઉદ્યોગનગર ઉધના ૪ દુકાનનું બાંધકામ ચાલુ છે તેની કાયદેસરતા કેટલી છે જેની માહિતી આપવી અથવા કરેલી કાર્યવાહીની વિગતો આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૩૪૪ તા.૮–૭–૧૦ થી અત્રેના વિભાગને મળેલ પૂરક માહિતીમાં અરજદારને પત્ર નં.સા.ઝોન/ટેક.૩૩૧ તા.૫–૭–૧૦ થી ઉધના ઉદ્યોગનગર સંઘ રોડ નં.૩ ની બાજુમાં આવતી દુકાનનું ગેરકાયદેસર બાંધકામ ઝોન કચેરીએથી અટકાવી જરૂરી સેન્ટરીંગ સામાન જપ્ત કરી કામગીરી બંધ કરાવવામા આવેલ છે. જેમાં ઝોન કચેરીએથી કોઈ પણ પરવાનગી આપવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. અરજદારે અપીલ અરજીમાં બન્ને જાહેર માહિતી અધિકારીઓ વિરુધ્ધ શિક્ષાત્મક પગલા ભરવાની રજૂઆત કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૬–૪–૧૦ અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદા નં.૧ અંગે ફુડના લાયસન્સ બાબતે ફરીયાદની હકીકતમાં જણાવ્યા મુજબની નહીં પૂરી પડાયેલી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નર(હે અનેહો)જાહેર માહિતી અધિકારી ફુડ વિભાગને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ શિક્ષાત્મક પગલા ભરવા અંગેની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગને છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન),આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નર ( હે અને હો) અને જાહેર માહિતી અધિકારી (ફુડ વિભાગ)......જાણ તથા અમલ માટે

(૨) શ્રી જશવંતસિંહ એ. બ્રહમભટ્ટ,